Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનંદ પ્રકાશ.

દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્વ વિકાશ;
આત્માને આરામ દે, આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૧ લું. વિક્રમ સંવત ૧૯૬૦—પોષ. અંક ૬ ઠો.

## પ્રભુ સ્તુતિ.

### શાર્દૂલ વિક્રીડિત.

જે સદ્બોધ[1] સુધાતરંગ રસમાં નિત્યે રમે રંગથી,
ધારી સત્વ[2] શમે સદા હૃદયમાં સદ્ધ્યાનના સંગથી;
દેખે દીર્ઘ વિચારથી ધરી દયા જે જંતુના જાલને,
તેવા શ્રી અરિહંતને નમન છે આ ધર્મના પાલને. ૧

## મરકીનું મહાત્મ્ય.

( ગત પૃષ્ઠ ૯૮ થી અનુસંધાન. )

એ પ્લેગમાં પ્રગટ થાયજ જંતુ ઝીણા,
વેગે વધે વિષથી તે તનમાંહિ તીણા;

૧ સદ્બોધરૂપ અમૃત રસના તરંગમાં. ૨ સત્વગુણ. ૩ ડાક્ટર લોકો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે મૃત્યુ હે મનુજને પણ જીવ નાનો,
એ. બોધ હે મનુજને મરકી મઝાનો. ૬

વ્હેમી ચિકિત્સકથી ઉપાય ઘણાં કરે છે,
જે છાપરાં રચી ઘણાં જન ત્યાં ભરે છે;
તોયે શમે નહિં મહા બલદેવ માનો,
એ, બોધ હે મનુજને મરકી મઝાનો. ૭

વ્હાલા સગા શુભ સંબંધ ઘણો ધરાવે,
પ્રેમી પ્રિયા પતિતણા ગુણ નિત્ય ગાવે;
આવે નહિં નજીક તે પ્રિય પ્રેમ શાનો,
એ, બોધ હે મનુજને મરકી મઝાનો. ૮

છોડી જનો નગર જંગલમાં વસે છે,
ત્યાં એ બને મરણ તો પછી ક્યાં ખસે છે
આ ભૂતલે ભયદ કાલ બધે થવાનો,
એ, બોધ હે મનુજને મરકી મઝાનો. ૯

માટે જનો ભવિક સત્વર ધર્મ ધારો,
લઈ બોધ આ મરકિનો ભવને સુધારો;
સદ્ધર્મ સત્કૃતિ સુકર્મ સદા વધારો,
આત્મેશ નર્મદ મહા ભ્રમથી ઉગારો. ૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# યતિધર્મ અને શ્રાવક ધર્મનો સંવાદ.

(કલ્પિત કથાનક.)

(પૂર્વ અંકના પૃષ્ટ ૧૦૩ થી ચાલુ.)

**શ્રાવકધર્મ**—ભગવન. આપના વચનથી હું હવે વિશ્વાસ રાખીને બેઠો છું, હું. માત્ર એટલુંજ જોવાનું છે કે, કોન્ફરન્સે જે ઠરાવો પ્રસાર કરેલા છે, તેઓમાંથી જે ઠરાવો ખાસ જૈનોની ધાર્મિક અને સાંસારિક ઉન્નતિના ખરેખરા હેતુરૂપ છે, તેઓનું પ્રવર્त્તન કરવા જૈનો કેવો ઉત્સાહ ધરે છે. તેમાં ખાસ કરીને જૈનોના પ્રાચીન ગ્રંથોનો ઉદ્ધાર અને હાનિકારક રીવાજો દૂર કરવા સંબંધી બે ઠરાવો તો અવશ્ય પ્રવર્ત્તનમાં મુકવાયોગ્ય છે. જ્યાં સુધી એ બે ઠરાવો ઊપર પુરતું લક્ષ આપવામાં આવશે નહીં ત્યાં સુધી તેઓની બીજી કૃત્રિમ સુધારણા ઉન્નતિના માર્ગમાં નકામી છે. જૈનોનું બુદ્ધિબલ નિર્બલ થઈ ગયું છે, તેઓ કેવલ વ્યાપાર માર્ગના અનુયાયી થઈ વિદ્યાવિલાસથી વિમુખ થઈ ગયા છે. જેમ પાશ્ચિમાત્ય પુરૂષો વિદ્યાવિલાસ સાથે વ્યાપાર કલામાં પ્રવીણતા ધરાવે છે તેવા ભારતવર્ષના જૈનો નથી. તેઓ પોતાના ધર્મ તથા વ્યવહારથી તદ્દન અજ્ઞ રહેલા છે. કેટલીએક વ્યવહારિક પ્રવૃત્તિમાં તેઓએ અન્ય મતિઓનું અનુકરણ કરેલું છે, અને તેને લીધેજ કેટલાએક હાનિકારક રીવાજો તેમનામાં દાખલ થયેલા છે. ઘણાં વર્ષ થયાં દિવ્યદષ્ટિ આપનાર જ્ઞાન સમૃદ્ધિ અંધકારમાં રહી તેથી કરીને જૈનોની ચર્મદષ્ટિ ઊપર અજ્ઞાનતાના ઘાટા પડલ આવી ગયા છે. હવે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈનો આ કોન્ફરન્સના ડિંડિમધ્વનિથી જાગ્રત થઈ પોતાની ઊન્નતિના માર્ગને સાધનારા એ એ ઠરાવોનું પ્રવર્તન કરવા તત્પર થશે તો તેઓ અલ્પ સમયમાંજ ઊન્નતિને સંપાદન કરી શકશે. જ્યારે જૈનોના તત્વ અને ચરિત્ર સંબંધી પ્રાચીન ગ્રંથો મૂલ તથા ભાષાંતર રૂપે બાહેર પડશે, ત્યારે તેઓના જાણવામાં આવશે કે, આપણે આર્ય જૈન પ્રજા પૂર્વકાલે કેવી ઉન્નતિવાળી હતી? આપણા પૂર્વજોના કાર્યોનો પ્રતાપ કેવો ભારે હતો ? આપણા વડિલો શ્રાવક નામને કેવા દીપાવતા હતા ? અને પોતાના કર્ત્તવ્યમાં કેવા પ્રમાદ રહિત હતા ? ભગવન્, વળી આ વિષે આપને પણ એક વિનંતિ કરવાની છે કે, તમારા આશ્રિત જૈન મુનિઓ કે જેઓના પવિત્ર ઊપદેશથી બધો જૈન વર્ગ તત્કાલ ઉદયમાં આવી શકે તેમ છે, તેઓ શા માટે આ પરોપકારી કાર્ય નહીં કરે. આપ તેમને પ્રેરણા કરી જૈનોનો મહાન્ ઉપકાર કરાવશો. અને આ સનાતન શાસનની જયઘોષણા જગતમાં પ્રવર્ત્તાવશો.

**યતિધર્મ**—**વત્સ,** તમારૂં કહેવું યથાર્થ છે. જૈન મુનિઓ જો આ વાત ઊપર લક્ષ આપે તો તેઓ ભારત વર્ષના શ્રાવક વર્ગને સત્વર સુધારી શકે તેમ છે. સાધુઓની પાસે ઊપદેશની મહાશક્તિના ભંડાર હોય છે. તેઓ અજ્ઞ અથવા સુજ્ઞ શ્રાવકોમાં આનંદ સહિત અપાર ઊત્સાહ પ્રાપ્ત કરાવી શકે છે. તેઓના વ્યાખ્યાનો અજ્ઞાન શ્રાવકોના અંતર્મુખ અંધકારને દીપકની જેમ દૂર કરી શકે છે. જેઓએ સુનીતિની મર્યાદાનું ઊલ્લંઘન કરેલું છે અને શ્રાવક વ્રતના ભંગની સાથે દુરાચારમાં પ્રવેશ કરેલો છે, તેવા જીવો પણ મુનિઓના ઊપદેશથી પોતાના પાપ કર્મનો પશ્ચાત્તાપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી સદાચારમય જીવનનો નવેસરથી અંગીકાર કરે છે.

આટલું બોલતાં યતિ ધર્મના નેત્રમાંથી અશ્રુની ધારા ચાલવા લાગી અને મુખમાંથી નિઃશ્વાસની પરંપરા નીકલવા લાગી.

**શ્રાવકધર્મ**—કૃપાલુ, આપ શામાટે રૂદન કરો છો ? મુનિઓના ગુણ કીર્ત્તન વખતે હર્ષને બદલે શોક શા માટે ધરો છો ?

**યતિધર્મ**—ભદ્ર, મારા કેટલા એક આશ્રિત મુનિઓ સાંપ્રતકાલે વિચિત્ર સ્થિતિમાં આવી પડયાછે. આ પાંચમા આરાએ પ્રથમ તેમની ઉપરજ અધિકાર ચલાવ્યા માંડયો છે. તેવા મહાન્ ઉપદેશક ગુરૂઓને પ્રમાદે પરતંત્ર કરી દીધા છે. પ્રમાદ અને દષ્ટિરાગ રૂપી દુષ્ટ લુંટારાઓએ તેમની વિહારશક્તિ રૂપ ધનસમૃદ્ધિ ખેંચી લીધી છે. તેથી અમુક સ્થાન કે દેશના ભાગ ઉપર મમત્વ બાંધી તે પવિત્ર મુનિઓને રહેવાની જરૂર પડી છે. તેઓમાં જ્ઞાનનું અપાર સામર્થ્ય હોવા છતાં પણ એ લુંટારા તેમને મહાત બનાવી દેછે, અથવા સ્તબ્ધ બનાવી દેછે. વળી તે સાથે નવરંગિત કબાટોમાં પુસ્તક રૂપે રૂપાંતર થયેલો પરિગ્રહ રૂપી મહારિપુ તે મુનિઓના મનોબલને ખેંચી શિથિલ કરી નાંખે છે. એ રિપુના ઉગ્ર પ્રતાપે કેટલા એક મહાન્ તપસ્વી મુનિઓ પણ નિસ્તેજ થઇ જાય છે. એટલુંજ નહીં પણ એ દુષ્ટરિપુ એકલોજ મહાન્ વિજય મેલવી અનુક્રમે મુનિનાં સાત્તિર રત્નોને હરી જાય છે, જે રત્નો **ચરણ સી-તરી**ના નામથી વિખ્યાત છે.

**શ્રાવકધર્મ**—ભગવન્, શાંત થાઓ. કાલનો પ્રભાવ અનિવાર્ય છે. જે મુનિઓ ઉપર આ દુષ્ટકાલે છાપો માર્યો છે, તેઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાના સંયમબલથી તેનો પરાભવ કરી શકશે. શ્રી આર્હત ધર્મ પોતાના અનુગ્રાહક–સ્વભાવ સિદ્ધ ધર્મવડે સર્વને સહાય આપશે. એજ કાલના પ્રતાપી રાજ્યમાં સ્વર્ગસ્થ **મુનિ શ્રી વિજ્યાનંદસૂરિ મહારાજ, ગણી શ્રી મૂલચંદજી મહારાજ** તથા શ્રી **વૃદ્ધિચંદજી મહારાજ** જેવા મહાન્ પુરૂષો થયા હતા, તથાપિ તેઓની આગલ પાંચમા આરાનો પ્રભાવ ચાલ્યો નથી. તેઓના પાંચ મહાવ્રત, દશપ્રકારના શ્રવણ ધર્મ, સત્તર પ્રકારના સંયમ, દશ પ્રકારના વૈયાવૃત્ય, નવપ્રકારની બ્રહ્મચર્ય ગુપ્તિ, ત્રણ પ્રકારનું જ્ઞાન, દર્શન, ચારિત્ર અને બાર પ્રકારના ક્રોધાદિ નિગ્રહ, એ સર્વ મલી સીત્તેર રત્નો કોઇથી હરણ થઇ શક્યા નથી. તેમનો ચારિત્ર માર્ગ નિષ્કંટક કહેવાયો છે. પંઞાબનું ગૈરવ તેમનામાં સંપૂર્ણ રીતે દેખાયું છે. નિગ્રંથ એ નામને એ ત્રિપુટીએ ખરેખર દીપાવ્યું છે. તેઓની મનોવૃત્તિમાં મિથ્યાત્વના ખંડન પૂર્વક તત્વનો મહોદય દેખાયોછે. દુષ્ટ વર્ત્તમાનકાલ કોઈ કોઇ વાર તેમની ઉપર છાપો મારવા તત્પર થતો, તથાપિ તે મહાવીર મુનિઓની આગલ પરાભવ પામી જતો હતો, કારણ કે, તેઓ સમજતા હતા કે, આપણા પંચમહાવ્રત આત્મરક્ષાના પંચમહા દુર્ગ છે. આપણે કદિ સમયાનુ સાર પ્રવૃત્તિ કરવી પડે પણ આપણા ચારિત્રનાવની દીવાદાંડી વૈરાગ્ય છે. વિષય માત્રનો વૃત્તિથી સંપૂર્ણ ત્યાગ થવો એ વૈરાગ્યનું સ્વરૂપ છે. ભોગ સમયે એટલે વિષયોનો ઈંદ્રિયો સાથેના સંબંધ કાલે વિષયી–પામરજનની પેઠે અંતઃકરણનું દૈન્ય ન પ્રકટ થવું એ વૈરાગ્યનું કાર્યછે. આવા મુનિઓ કાલધર્મ પામ્યા પછી આ ભારતવર્ષ તદન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઝાંખુ થઈ જાત પણ તેમના કેટલાક એક વિદ્વાન્ શિષ્યોએ ભારવર્ષ તે આશ્વાસન આપ્યું છે. જે આશ્વાસનનું અવલંબન કરી ભારતવર્ષ પોતાના ઉદયની રાહ જોઈ અદ્યાપિ બેઠું છે. ભગવન્, તમારા આશ્રિત મુનિઓમાં કેવી સુધારણા થવી જોઈએ ? અને કેવા સુધારણાથી આ કોન્ફરન્સનો ઉદય પણ તેના અવાંતર ફલરૂપે થઈ શકે ?

**યતિધર્મ**—વત્સ, મારા આશ્રિત મુનિઓ કે જેઓ પંચમ હાવ્રતના કિલ્લામાં નિર્ભય થઇ વસેલા છે અને જેઓએ ચારિત્ર નું અભેદ્ય કવચ પેહેરેલુ છે, તેઓની ઉપર એક સ્ત્રી અને પુરૂષનું જોડું અત્યંત દુ:ખ આપવા પાછલ લાગેલું છે. સાંપ્રત કાલના કેટલાએક મુનિઓ પોતાના વડિલ ગુરૂઓને પગલે ચાલવા પ્રયત્ન કરે છે, ચારિત્ર રૂપી ચિંતામણિ ને ઉજવલ રાખવા યત્ન કરે છે, યતિ ધર્મના સ્વરૂપને ઓલખી તે પ્રમાણે પ્રવર્ત્તન કરવા મથન કરે છે, પ્રમાદનો પ્રલય કરી જ્ઞાનોપાસના કરવા તથા વિહાર શક્તિને સતેજ રાખવા તત્પર રહે છે, સર્વત્ર આત્મદર્શન કરવાના અભ્યાસને સેવે છે અને અતઃકરણમાં સર્વદા ઉત્તમ ભાવનાઓ ભાવ્યા કરે છે, તેવા પણ મુનિઓને આ સ્ત્રી પુરૂષનું જોડું અતિદુઃખ આપ્યા કરે છે.

**શ્રાવકધર્મ**— તે સ્ત્રી પુરૂષનું જોડું કોણ છે ? તે આપ જણાવશો.

**યતિધર્મ**—કુસંપ અને ઇર્ષ્યા. કુસંપરૂપ પુરૂષ ઈર્ષ્યા રૂપ સ્ત્રીથી જુદો પડતો નથી. તે બંને દંપતિ સાથે રહી મારા આ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રિત મુનિઓને સર્વદા કષ્ટ આપે છે, કુસંપને લીધે કેટલા એક મુનિઓમાં પ્રપંચનું મહાન્ વૃક્ષ નવ પલ્લવિત થયેલું છે. એકજ ગુરૂના શિષ્યો પરસ્પર ભ્રાતૃભાવ છોડી વિષમ રીતે વર્તવા લાગ્યા છે. દીક્ષાક્રમની મહાન્ મર્યાદા તોડાવા લાગી છે. વંદનાનુંવંદના વિચ્છેદ થવા લાગી છે. એક બીજાના ગુણ દોષ જોવાને પત્રોના છુપા વ્યવહાર પ્રવર્ત્તે છે. મુનિઓન પુસ્તકોની સાથે પત્ર લખવાના સાધનોની જુદીજ પોથી બંધાય છે. વ્યાપારની પેઢીની જેમ પવિત્ર મુનિઓની ટપાલ જથ્થાબંધ ચાલે છે.

આટલું કહેતાં કહેતાં યતિ ધર્મને મૂર્છા આવી ગઇ તેને પડતાંજ શ્રાવકધર્મે તત્કાલ ઉત્સંગમાં ઝીલી લીધો.

અપૂર્ણ.

# ચિંતામણિ.

## એક ચમત્કારી વાર્ત્તા.

( પૂર્વ અંકના ૧૧૦ પૃષ્ટથી. )

ઉપર પ્રમાણે વૈરાગ્યની દેશના આપી મુનિરાજે પોતાનું વ્યખ્યાન સમાપ્ત કર્યું. શ્રાવકોની પર્ષદા વિસર્જન થઇ ગઈ. સર્વની છેવટે મારા પિતા મુનિરાજને વાંદી ધર્મ ભાવના ભાવી ચાલ્યા ગયા. હું એકલો માત્ર ગુરૂની સમીપ બેસી રહ્યો. આ વખતે મારી મનોવૃત્તિ ઉપર વૈરાગ્યની દેશનાએ ભારે અસર કરી હતી. સંસારના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વ પદાર્થો ઉપર દોષ દર્શન કરાવનાર વૈરાગ્યની દિવ્ય દષ્ટિ મારામાં જાગ્રત થઈ હતી. મારી વિવેક બુદ્ધિ તીવ્ર થવા લાગી, મનોવૃત્તિમાં સમભાવ પોષાવા લાગ્યો, શુદ્ધ વસ્તુ પ્રત્યે સ્નેહ જામવા લાગ્યો, મોહક પ્રસંગોમાંથી લોલુપતાનો લોપ થવા માંડયો, અલૌકિક તપોબલને વધારવા માનસિક પ્રવૃત્તિ થવા માંડી, આ જગતના પ્રપંચનું સ્વરૂપ અધિક અધિક સ્પષ્ટ થવા લાગ્યું અને વિષયો તરફ અનાદર વધવા લાગ્યો. પ્રિયભાઈ, વધારે શું કહું, તે વખતની મારી સ્થિતિ, ભાવના અને વૃત્તિ અલૌકિક હતાં.

થોડીવારે ગુરૂવર્યે મારા સામુ જોઇ હાસ્ય કરતા બોલ્યા—ચિંતામણિ શો વિચાર કરેછે ? તારા પિતા ચાલ્યા ગયા તે છતાં હજુ દ્રઢ આસન કેમ લગાવ્યુ છે ? તારા મુખ મંડલ ઊપરથી સદ્ વિચારની શ્રેણી બંધાતી હોય તેમ સૂચના થાયછે. કોઇ ઉંચી ભાવનાએ તારા હૃદયમાં વાસ કર્યો હોય તેવું સ્પષ્ટ જણાયછે. જો તારી ઇચ્છા હોય તો તારો સદ્ વિચાર સાંભળવા અમારી ઇચ્છા છે. ગુરૂના આ વચનથી હું આનંદના આવેશમાં આવી ગયો. તત્કાલ ઉભો થયો. ગુરૂને વંદના કરી નજીક આવી ધીમે સ્વરે બોલ્યો—મહારાજ, આજની આપની વૈરાગ્ય દેશનાએ મારા હૃદય ઊપર સચોટ વાસ કરી દીધો છે. એવી ઊત્તમ અસર મારા સાંસારિક બંધનને તોડવા સમર્થ થઇ છે. આ અલ્પજ્ઞ બાલક આ ઘોર ભવાટવીની ભયંકર મુસાફરી પૂર્ણ કરવા ધારેછે. એ ભગીરથ કાર્યમાં આપનુ સર્વોત્તમ શરણ મેલવવા તેના અંતરની પ્રબલ ઈચ્છા છે. આપ મહાશય જો દયામય દ્રષ્ટિથી અવલોકન કરી આ બાલકનો ઉદ્ધાર કરશો તો યાવત્ જીવિત તે આપનો પૂર્ણ આભારી થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારા આવા વચન સાંભળતાંજ ગુરૂની મુખમુદ્રા ઉપર આશ્ચર્યના અંકુરો સ્ફુરણાયમાન થવા લાગ્યા, તે દયાસાગર મુનિરાજ મંદસ્વરે બોલ્યા—વત્સ, તારા આ વિચારને પુષ્ટ કરવો એ અમારો ધર્મ છે. આ સંસાર સાગરમાં ડુબી જતાં પ્રાણીઓનો ઉદ્ધાર કરવાને જ અમારૂં જીવન છે. તથાપિ દેશકાલને લઈ નિરાબાધ પ્રવૃત્તિ કરવા ઉપયોગ રાખવો એ અમારૂં કર્ત્તવ્ય છે. તારો આ વિચાર સર્વોત્તમ છે તથાપિ દેશકાલને અનુકૂલ નથી એ વાત તારે સંપૂર્ણ રીતે વિચારવાની છે. રાગરૂપી એક મહાદુર્ગને તોડી પંચમહાવ્રતના અભેદ્ય કિલ્લાઓમાં તારે પેસવાનું છે. તારા રાગ રૂપિ કિલ્લાની આસપાસ માતા, પિતા, સ્ત્રી અને સંબંધી રૂપ ચાર રાગના મોટા કોઠાઓ છે. એ વજ્રમય કોઠાને સર કરવાનું ઘણું કઠિન કામ છે. ભદ્ર. તારા આ વિચારને અમલમાં લાવ્યા પેહેલા દીર્ઘ વિચાર કરજે. શિશુની જેમ સાહસ કરીશ નહીં; તે સાથે આવી પવિત્ર ભાવનાને હંમેશા ભાવ્યા કરજે. દ્રવ્ય ચારિત્રના જેવું ભાવ ચારિત્ર પણ તારા હૃદય કમલને દીપાવશે.

આ પ્રમાણે વાતચિત થતી હતી તેવામાં મુનિ વિચારવિજય ગોચરીના સમયની સૂચના કરવાને ત્યાં આવી ચડયા. પોતાના ગુરૂ અને મને એકાંતમાં જોઈ એ પ્રપંચી સાધુ યુવાવસ્થાનો જ્ઞાનશૂન્ય હોવાથી, તેણે અનેક તર્ક વિતર્ક કરવા માંડયા. અને અનુમાનથી સત્યવાત જાણી લીધી. પછીમહારાજ વિમલવિજય ઊઠીને બીજી શાલામાં પધાર્યા અને હું પુનઃ તે વિષે વાત કરવા આવવાની આજ્ઞા લઈ મારે ઘેર ચાલ્યો ગયો. હું ઘેર આવ્યો તથાપિ મને મારી સ્થિતિનું ભાન જરા પણ ન હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હું ક્યાંથી આવ્યો અને ક્યાં જાઉં, શું કરૂં, કયા સ્થાનમાં મને શાંતિ રહેશે, તથા કયા ઉપાયથી મને તૃપ્તિ થશે, અને અંતરનો ઉદ્વેગ શમશે, આ વિગેરે સંવેગના પ્રબલ લક્ષણ મારા અંતરમાં સ્ફુર્યા કરતા હતા અને આનંદમય અવસ્થા પ્રાપ્ત કરવાને વૃત્તિ વલખાં માર્યા કરતી હતી.

હું મારા ઘરમાં જઈ એકાંતે બેસી વિચારતો હતો તેવામાં મુનિ વિચારવિજય મારેજ ઘરે વોરવા આવ્યાં. થોડીવાર પેહેલા તેણે વ્યાખ્યાન શાલામાં મને ગુરૂ સાથે એકાંતે જોયેલ તેથી તે ચપલ મુનિને પ્રબલ જિજ્ઞાસા ઉત્પન્ન થઈ હતી અને તેથી તે વૃત્તાંત જાણવા તે મારી પછવાડે મારેજ ઘેર ભિક્ષાના મિષથી ચાલ્યા આવ્યા હતા. મુનિ વિચારવિજયના સ્વભાવનું સ્વરૂપ હું પૂર્ણ રીતે જાણતો હતો તથાપિ આ વખતે પરતંત્ર હૃદયને લઈ તે વાત ભુલી ગયો. મુનિ વિચારવિજયને મારા એકાંત ગૃહમાં આવતા જોઈ હું સંભ્રમથી બેઠો થયો. અંજલિ જોડી 'શી આજ્ઞા છે' એમ કહી સન્મુખ ઉભો રહ્યો. પ્રિય મિત્ર, પ્રસંગે કહેવું પડે છે કે, મુનિ વિચારવિજય પ્રપંચની કલામાં પ્રવીણ હતા. એ અનુત્તમ સ્વભાવને લઈ તેઓ પોતાના મુનિવ્રતને પણ ભુલી જતા હતા. નિસ્વાર્થ છતાં તેઓ સ્વાર્થને અગ્રપદવી આપતાં, સંવેગી છતાં અસંવેગીના કાર્ય કરતા અને નિગ્રંથ છતાં સગ્રંથ થવાની ઇષણા રાખતા. કૃત્રિમ ચારિત્રના ધારક મુનિઓ લગભગ ગૃહસ્થ જેવી પ્રવૃત્તિ કરે છે. પોતાની ઉપર ભક્તિ કરનાર શ્રાવકોને ગેરલાભ આપવા વધારે જાય છે. તેવા શ્રાવકોની સાથે ઘણાં પ્રસંગો મેલવે છે. ભોળાને ભમાવી પોતાની મહત્તા સ્થાપિત કરે છે આવા સાધુઓ જલ લેવાને કે ભિક્ષા વ્હોરવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ને આને પોતાના રાગી ગૃહસ્થના ઘરમાં નિર્ભય થઈ ગમે તે સ્થાનમાં પ્રવેશ કરી શકે છે. અને તેમની સ્ત્રીઓની સાથે અને નાના બાલકોની સાથે વિવિધ વાર્ત્તાલાપ વદી શકે છે. મુનિ વિચારવિજય તે સ્વભાવના સાધુ હતા. તેઓ મારા એકાંત સ્થાનમાં આવી ઊભા રહ્યા. થોડીવાર સુધી બીજી આડી અવળી વાત કરી, છેવટે પોતાની જિજ્ઞાસા તૃપ્ત કરવા પુછ્યું કે, ભાઇ ચિંતામણિ, આજે ગુરૂ મહારાજ સાથે એકાંતમાં કેમ હતા? તમારા ઉપર ગુરૂજીની પૂર્ણ કૃપા છે. તમારી ગેરહાજરીમાં એ મહાનુભાવ તમારી સારી પ્રશંસા કરતા હતા, આખા વલ્લભિપુરમાં અમૃતચંદ્રના ઘર ઉપર જ શ્રાવક ધર્મની વિજય ધ્વજા ફરકે છે. ચિંતામણિ જેવા પુત્રો કોઈ શ્રાવકને ઘેરજ ઊત્પન્ન થાય છે. પુત્ર ચિંતામણિના જન્મથી શેઠ અમૃતચંદ્રનું જીવન સાર્થક છે. ચિંતામણિ જેવા શ્રાવક કુમારો જો ચારિત્રથી અલંકૃત થાય, તો સર્વોત્તમ આર્હત ધર્મ ભારતવર્ષમાં મહાન્ ઉદય સંપાદન કરે અને મુનિધર્મનો વિજયધ્વનિ ચારે તરફ ગાજી રહે.

મુનિ વિચારવિજયની આ વાણી સાંભળતાંજ હું મહાન્ આવેશમાં આવી ગયો. મારા અંતરંગના વિચારો રૂપાંતર પામી ગયા. મુનિ વિચારવિજયની કૃત્રિમ વાણી મારા જાણવામાં આવી નહીં. હું પ્રશંસાના મોટા પ્રવાહમાં તણાઇ ગયો. તત્કાલ મોટા હર્ષ સાથે બોલી ઉઠયો, કૃપાલુ મહારાજ, આપ મારા સર્વ રીતે હિતેચ્છુ છો. આપના વદનથી ગુરૂજીના વચન સાંભળી મને અનહદ આનંદ ઉત્પન્ન થાય છે. હું મારૂં નિર્મલ હૃદય આપની પાસે ખુલ્લુ કરૂં છું આપના જેવા સંવેગી ગુરૂથી જુદાઇ રાખવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ શ્રાવકધર્મની વિરૂદ્ધ છે, પ્રત્યેક શ્રાવકનું વિશ્વાસપાત્ર પવિત્ર સાધુ શિવાય બીજું કોણ છે. ? ગૃહસ્થ શ્રાવકની પારલૌકિક સુધારણા સાધુના ઉપદેશમય વચનને આધારે રહેલી છે. પવિત્ર મુનિઓના પસાયથી ઊત્તમ શ્રાવક પોતાના બાર વ્રતની વિજયમાલ ધારણ કરવા સમર્થ થાય છે. છેવટે ચારિત્ર રત્નનો મહાન્ લાભ પણ તેમના તરફથીજ મેળવી શકાય છે. એવા આપ મુનિવરની આગલ આ લઘુ શ્રાવક વિશ્વાસ પૂર્વક જણાવે છે કે, હું આપના ગુરૂ પાસે પંચવ્રતની પવિત્ર દીક્ષા લેવા ઇચ્છા રાખુ છું. આજે એકાંતમાં ગુરૂમહારાજને તે વિષે વિનંતિ કરી છે. એ શાંત મૂર્ત્તિ મહાત્માએ મારી પ્રાર્થના સ્વીકારવા ખુલ્લે પુલ્લું જણાવ્યું નથી પણ દેશકાલાનુસાર પ્રવર્ત્તન કરવાની સલાહ આપી છે. હવે મારી એ પવિત્ર આશા સફલ કરવી એ આપના હાથમાં છે. સંસારીને સંસાર પાશમાંથી મુક્ત કરવો એ આપ મહામુનિનું કર્ત્તવ્ય છે.

મિત્રમણિ, આવા મારા નિર્મલ વચન સાંભળી મુનિ વિચારવિજય સાનંદાશ્ચર્ય પામી ગયા. મારા હૃદયની વાત જાણી લઇ તેની મનોવૃત્તિમાં અપાર હર્ષ ઉત્પન્ન થયો. જાણે તેણે મોટો વિજય પ્રાપ્ત કર્યો હોય, તેમ તેના મુખ મંડલ ઉપર અભિમાનના અંકુર દેખાવા લાગ્યા. એ પ્રપંચપ્રવીણ મુનિ ઉંચે સ્વરે બોલી ઉઠયા. ભદ્ર, તારો આ સદ્વિચાર સાંભળી મારા હૃદયમાં શીતલતાનો શાંત પ્રવાહ વહેવા લાગ્યો છે. તારા જીવનને અને તારી પ્રવૃત્તિને ધન્ય છે. તારા જેવો વીરકુમાર ભાગ્યેજ જોવામાં આવે છે. સંસારમાં રહેનારો ગૃહસ્થ ધનવંત હોય તોપણ અમારા છેલ્લામાં છેલ્લા ક્ષુલ્લક સાધુના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેટલું પણ સુખ પામતો નથી. મુનિવ્રતથી આ લોક અને પરલોક બંનેના સુખ મળે છે. આ લોકમાં ખાન, પાન અને સન્માન મન વાંછિતપણે પ્રાપ્ત થાય છે. મોંઘામાં મોંઘી ચીજ, પુત્રને નહીં અપાય પણ સાધુને સમર્પણ કરવામાં આવે છે. ઉંચી જાતના વસ્ત્રો સાધુના પવિત્ર શરીર ઉપર પથરાય છે. મધુર અને સ્વાદિષ્ટ આહાર મુનિના મનોહર મુખમાં પડે છે, એટલુંજ નહીં પણ શ્રીમંત શ્રાવકોની શ્રેણી સાધુની આજ્ઞા ઉઠાવવાને સર્વદા તત્પર રહે છે. ચારિત્ર ધારીને કદિ શરીરે અસાતા હોયતો વિદ્વાન્ વૈદ્યો હરવખત હાજર થાય છે. ઊત્તમ ઔષધોથી અંગપીડા શાંત કરવામાં આવે છે, ઇત્યાદિ આ લોકના સુખ સંપાદન કરી છેવટે કાલધર્મ પામ્યા પછી પરલોકમાં સદ્ગતિ પ્રાપ્ત થાય છે. ચારિત્રનું મહાન્ ફલ સ્વર્ગ પ્રાપ્તિ છે અને સ્વર્ગ લોકમાં દેવતાના દિવ્ય સુખ મેલવવા મુનિ શિવાય બીજા કોનો અધિકાર છે.

ભદ્ર, તું જાણે છે કે, " **श्रेयांसि बहुविघ्नानि** " એટલે સારા કામમાં ઘણાં વિઘ્નો આવે છે. માટે આ તારા વિચારને ત્વરાથી અમલમાં લાવજે તારા માતા, પિતા તથા સ્ત્રીને આ વૃત્તાંતની જો ખબર પડશે તો મોટો કોલાહલ થઈ પડશે. તેથી આ વખતેજ મારી પાસેથી દિક્ષા લેવાની બાધા લઈ અહીંથી ચાલ્યો જા અને કોઇ નિર્ભય સ્થલે રહી જ્યાં હવે અમારો વિહાર કરી નિવાસ થાય ત્યાં આવી પોહોચજે. પછી મેં ઉત્સાહથી બે હાથ જોડયા અને મુનિ વિચારવિજયે ૭ માસની અંદર દીક્ષા લેવાની બાધા આપી. જે બાધા આ ભયંકર ભવસાગર તરવામાં મને નાવ રૂપ થઇ હતી.

અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી વિમલચંદ્રસૂરિ અને પ્રશ્નોત્તર રત્નમાલા.

( પૂર્વ અંકના પ્રષ્ટ ૧૧૮ થી અનુસંધાન. )

એક વખતે પ્રતિક્રમણની ક્રિયા થઇ રહ્યા પછી સૂરિશ્રીના શિષ્યો વિચાર કરવા લાગ્યા કે, આજે મહારાજને કેવા પ્રશ્નો કરવા? તેઓમાંથી એક વિદ્વાન્ શિષ્યે આનંદ ઉર્મિમાં તણાઇ પોતાના વિચાર જણાવ્યા. આપણે જાણીએ છીએ કે, માણસ મૃત્યુ પામ્યા પછી તેનો આત્મા પરલોકના માર્ગનો પ્રવાસી થાય છે. પરલોકના વિશાલ માર્ગમાં તેને પથ્ય–ભાતા તરીકે શી વસ્તુ ઉપયોગી થાય છે? તે અનંત માર્ગમાં એકાકી વિચરતો આત્મા કોનાથી શાંતિ મેલવી શકે છે! આત્માને તે માર્ગમાં સુખદાયક સહાય કોણ આપે છે? ઇત્યાદિ અવશ્ય આપણે જાણવું જોઈએ. આ વિદ્વાન્ શિષ્યના વિચારને સર્વાનુમતે પુષ્ટિ મળી અને તે વિષે પ્રથમ પ્રશ્ન કરવા તેમણે નિશ્ચય કર્યો.

તે કાલે બીજા એક વિદ્વાન્ શિષ્યે નિવેદન કર્યું કે મુનિઓ, જો આપની સંમતિ હોયતો એક બીજો ઉપયોગી પ્રશ્ન કરવા મારી ઈચ્છા છે. પ્રત્યેક મનુષ્ય પવિત્ર થવાની ઇચ્છા રાખે છે. પવિત્રતાના પ્રકાર જૈન શાસનમાં ઘણીરીતે વર્ણવ્યા છે. કેટલાએક બાહેરની પવિત્રતાને ઉત્તમ પવિત્રતા માને છે અને કેટલાએક અંતરની પવિત્રતાને સર્વોત્તમ ગણે છે. તે બંનેમાં કેવી પવિત્રતા સર્વોત્તમ ગણાય? અને તે પવિત્રતા શીરીતે જાણી શકાય? આ વિષે પ્રશ્ન કરી આપણે અવશ્ય જાણવું.

ત્રીજા બુદ્ધિમાન્ શિષ્યે જણાવ્યું, દેવાનુંપ્રિયો, જો આપ પ્રસન્ન હો તો મારા ત્રીજા પ્રશ્નને જરા અવકાશ આપવા સંમત થશો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જગતમાં વ્યાકરણ, ન્યાય, અને સાહિત્ય વિદ્યા જાણનારા ઘણાં પંડિતો જોવામાં આવે છે તે સાથે કેટલાએક ધર્મ શાસ્ત્રનાં પારાંગત વિદ્વાનો પણ હોય છે. લોકો તે સર્વને ' पंडित ' કહી માન આપે છે. અને તેઓ કેટલીક વાર ધારવા પ્રમાણે ઊત્તમ પંડિત જોવામાં આવતા નથી. વળી કેટલાએક શાસ્ત્રીય જ્ઞાન અલ્પ હોય તે છતાં પૂરેપૂરા પંડિત લાગે છે. અને તેઓ એક વ્યાપક વિદ્વાન્ અને બહુશ્રુત જેમ પોતાના સદ્વર્ત્તનથી પરિચિત જનને પૂર્ણ સંતોષ આપી શકે છે. તો ' ખરેખરો પંડિત કોણ ? 'એ પ્રશ્નનો સદુત્તર જાણવામાં આપણને અપૂર્વલાભ મલશે.

ચોથા એક ચતુર શિષ્યે ચમત્કાર સાથે જણાવ્યું કે, મારી એવી ઈચ્છા કે, ઝેર વિશે પ્રશ્ન કરવો કારણ કે, આ લોકમાં જે હાલાહલ વિગેરે ઉગ્ર વિષ કહેવાય છે, તે દ્રવ્ય વિષ છે અને તો ઊપયોગી જીવનને હરનારૂં છે પણ તેવું કોઇ ભાવવિષ હોવું જોઇએ. જેના સેવનથી માણસના ભાવજીવને એટલે ધાર્મીક જીવનને મોટી હાનિ પોહોચે છે. આવું મહાવિષ કયું કહેવાય ! તે વિષ શેમાંથી ઉત્પન્ન થાય છે ? એ જાણવું આપણે અવશ્ય હિતકારી છે.

આ પ્રમાણે સર્વાનુમતે ચાર પ્રશ્ન કરવાનો નિશ્ચય કરી સર્વે શિષ્યોએ સૂરિ મહારાજને અંજલિ જોડી આ પ્રમાણે પ્રથમ પ્રશ્ન કર્યો— " **कीं पथ्यदनं** " " પરલોક માર્ગે ભાતારૂપે શું હોય ? " સૂરિશ્રીએ તત્કાલ ઊત્તર આપ્યો કે, " **धर्म** " " ધર્મ " તે સાંભળી શિષ્યોએ આનંદ સાથે બીજો પ્રશ્ન કર્યો " **कःशुचिरिह** " " આ લોકમાં પવિત્ર કોણ ? " ગુરૂએ સત્વર ઉત્તર આપ્યો કે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" यस्य मानसं शुद्धं " " જેનું હૃદય શુદ્ધ હોય તે. " આ સાંભળી ચિત્તમાં ચમત્કાર પામી શિષ્યોએ ત્રીજો પ્રશ્ન કર્યો. " कः पंडितो " " પંડિત કોને કહેવો ? " ગુરૂએ ગર્જનાથી કહ્યું, " विवेकी " " જે વિવેકી હોય તે." આનંદ ઊર્મિમાં મગ્ન થયેલા શિષ્યોએ ચોથો પ્રશ્ન કર્યો " किंविषं " " ઝેર શું કહેવાય ? " ગુરૂએ એકદમ જણાવ્યું કે, " अवधीरिता गुरवः " "ગુરૂ કે વડિલ વર્ગનું અપમાન કરવું તે. " સદ્ગુણી સૂરિશ્રીએ આ ચાર પ્રશ્નોના ઊત્તર વિષે વિવેચન કરતાં જણાવ્યું કે, શિષ્યો, આજના તમારા ચાર પ્રશ્નો ઘણાં મનન કરવા યોગ્ય છે. પ્રત્યેક પ્રશ્ન ઊપર જેટલું વિવેચન કરવા ધારીએ તેટલું થઇ શકે તેમ છે, તમારી મનોવૃત્તિમાં આવા પ્રશ્નોને અવકાશ મલતો જાય છે, એ મોટા હર્ષની વાર્ત્તા છે. તમારૂં ચારિત્રરૂપ મહારત્ન ઉત્તરોત્તર અધિક શોભા સંપાદન કરશે. તમારૂં દિવ્યહૃદય અરિહંત પ્રભુના ધ્યાનને તદાકાર વૃત્તિએ પ્રાપ્ત કરશે. તમારી ઉત્તમ ધારણામાં ધર્મબલ પ્રતિદિન વધતું જશે. તમારૂં વૈરાગ્યમય જીવન જગતના કોઈ પદાર્થમાં પ્રીતિ કરશે નહીં. સ્ત્રી, ધન, પુત્ર, વૈભવ આદિ વ્યવહારના પદાર્થો તમારી દિવ્ય દ્રષ્ટિમાં ક્ષણિક લાગશે. વિવિધ સ્વાદુ ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, ચોષ્ય અને પેય પદાર્થો તમને શ્વાનના વમન જેવા વિરસ લાગશે. તમારા નિરતિશય આત્માનંદ સુખ આગળ, આ જગતનો કોઇપણ પદાર્થ તુલનામાં મુકી શકાય તેવો નથી; એવો તમને અવશ્ય નિશ્ચય થશે. વત્સો, આ ક્ષણિક જગતમાં મૃત્યુ પામ્યા પછી સ્ત્રી, ધન વગેરે પ્રિય તથા મોહક પદાર્થોને અહીં મુકી પ્રાણી પરલોકમાં એકલો જાય છે, તેની સાથે કાંઇપણ સાથે આવતું નથી, માત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મજ તેની સાથે જાય છે. ઉત્તમ બુદ્ધિથી આચરેલ ધર્મ તેની સર્વ રીતે રક્ષા કરે છે. સુખદાયક ધર્મની પસાયથી તે નરકાદિ મહાકષ્ટ નો ભાજન થતો નથી. ધર્મરૂપ તીવ્રતરણિના તેજ આગલ પરમા ધાર્મિઓ રૂપ ઘુવડપક્ષી અંધ થઇ જાય છે, નરકયાતના રૂપ તારાઓ ઝાંખા થઈ જાય છે, વિપત્તિઓના શુદ્ધ ઝરા સુકાઇ જાય છે અને ઉભય લોકની આપત્તિઓ અંધકારની જેમ દૂર થઇ જાય છે. એવો ધર્મ પરલોકના વિશાલ માર્ગમાં ભાતારૂપ થાયછે. જેમ માર્ગનું ભોજન (ભાતું) લઈ પ્રયાણ કરનાર પુરૂષ સુખેથી વાંછિત સ્થાને પોહોચે છે, તેમ પરલોક માર્ગનો મુસાફર જો ધર્મરૂપ ભાતું સાથે લઈ પ્રયાણ કરે તો તે વાંછિત સ્થાને નિર્વિઘ્ને પોહોચે છે.

શિષ્યો, તમારા બીજા પ્રશ્નના ઊત્તરમાં કહ્યું કે, “ જેનુ હૃદય શુદ્ધ હોય તે પવિત્ર કહેવાય ” આ ઊત્તર ઉપર તમે પૂરેપુરૂં ધ્યાન આપી વિચાર કરજો. અંતર અને બાહ્ય એવા બે પ્રકારની પવિત્રતા સર્વને સંપાદન કરવી જોઈએ. અંતરની પવિત્રતા એ ભાવ પવિત્રતા છે, તેના યોગે પવિત્ર થયેલો પ્રાણી શુદ્ધ સમકિતનો સંપૂર્ણ અધિકારી થઇ શકે છે. તે સાથે જો ચારિત્રથી અલંકૃત હોય તો તે અલ્પ સમયમાં અંતઃકરણનો અવિકૃત પરિણામ અનુભવી અધિક અધિક જ્ઞાનૈશ્વર્ય કે જે પરમાત્મસત્તામાં રહેલા છે તે સત્તાનો સાક્ષાત્કાર કરવા સમર્થ થાય છે. અને બાહ્ય પવિત્રતા તે દ્રવ્યપવિત્રતા છે જે અમુક વ્યવહાર તથા દૈવિક કાર્ય પ્રસંગે ગૃહસ્થાવાસમાં સ્વીકારવા યોગ્ય છે તથાપિ પરમ તત્વ બલને મેલવવામાં સંપૂર્ણ ઊપયોગી નથી. તેવા અનેક દ્દષ્ટાંતો શાસ્ત્રકારોએ તે તે પ્રસંગે દર્શાવ્યા છે. એ અંતરની પવિત્રતા અંતઃકરણ દ્વારા ઉદ્દભવે છે. એ પવિત્રતા વાલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહાશયોના અંતઃકરણ શુદ્ધ દર્પણ જેવા જણાય છે. એવા નિર્મલ હૃદયથી એ મહાશયો જ્ઞાન, ઐશ્વર્ય તથા શાંતિના સાગર સરખા સર્વદા દેખાય છે, તેથીજ કહ્યું છે કે, "જેનું હૃદય શુદ્ધ હોય તે પવિત્ર જાણવો."

વત્સો, તમારા ત્રીજા પ્રશ્નના ઊત્તરમાં કહ્યું કે, "જે વિવેકી તે પંડિત કહેવાય." આ વિષે પણ હૃદયથી ઉંડા ઊતરજો. ગમે તેવો શાસ્ત્રોનો અભ્યાસી હોય, જ્ઞાનાવરણી કર્મના વિચ્છેદથી વ્યુત્પત્તિ સાથે શાસ્ત્રીય વિષયમાં અમોઘ વિદ્વત્તા સંપાદન કરી હોય-વાદવિવાદમાં અનુપમ કુશલતા પ્રાપ્ત થઈ હોય, વ્યાકરણ તથા ન્યાયની તર્ક ભરેલી કોટીઓ કરવામાં ઊગ્ર પ્રવીણતા આવી હોય અને સાહિત્યની નિપુણતાથી સભારંજનની મોહક શક્તિ અને કવિતા કરવાની પ્રતિભા પ્રગટ થઈ હોય, તથાપિ જો તેનામાં હેયોપાદેયનો અથવા ધાર્મિક પ્રવૃત્તિનો વિવેક ન હોય તો તેને પંડિત કહેવો યોગ્ય નથી. વસ્તુને યથાર્થ જાણવી, સર્વ ક્રિયા પદ્ધતીમાં નિર્દોષ પ્રવર્ત્તન કરવું અને પદાર્થનું સ્વરૂપ જાણી તે તરફ હેયોપાદેય વિષે નિર્ણય કરવો એનું નામ વિવેક કહેવાય છે અને તેવો વિવેક જેનામાં સંપૂર્ણ રીતે જોવામાં આવતો હોય તે ખરેખરો પંડિત જાણવો. તેથી કહ્યું કે. "જે વિવેકી હોય તે પંડિત કહેવાય છે."

ભદ્ર, તમારા ચોથા પ્રશ્નના ઉત્તરમાં કહ્યું કે, "ગુરૂ-વડિલ જનની અવજ્ઞા કરવી તે ઝેર કહેવાય છે." આ મહાવાક્ય તો તમારે તમારા નામની જેમ સ્મરણમાં રાખવાનું છે. હાલાહલાદિ પ્રસિદ્ધ ઝેર માણસના જીવનને હરે છે અને તે માત્ર આ લોકમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૃત્યુરૂપ અહિત કરી શકે છે. તેથી તે ઉગ્ર વિષ કહેવાય નહીં, પણ જે વિષ આલોક અને પરલોકના ધાર્મિક જીવનને હણી અધોગતિમાં પોહોચાડે છે તે ખરેખરૂં વિષ છે. તેવું વિષ ગુરૂ—વડિલ જનની અવજ્ઞા કરવી તે છે. ગુરૂજનની અવજ્ઞા કરવી એ અવિનય કહેવાય છે અને જૈનધર્મ વિનય પ્રધાન ધર્મ છે, તેમાં ખાસ સેવ્ય સેવક ધર્મનો સર્વ આધાર વિનય ઉપરજ રહેલો છે. તેવો વિનય સેવ્ય—ગુરૂ જનની આગલ ન થતાં ઉલટી તેમની અવજ્ઞા કરવામાં આવે તો તેથી વિષના જેવું વિપરીત કાર્ય બને છે. એ ગુરૂજનની અવજ્ઞારૂપ વિષ માણસના ધાર્મિક જીવનને હણી ઉત્તરોત્તર નારકીની ભયંકર સ્થિતિએ પોહોચાડે છે અને આ લોકમાં નિંદાપાત્ર બનાવી સ્થૈર્ય, ધૈર્ય, ગાંભીર્ય વિગેરે સદ્ગુણોનો નાશ કરાવી અનુકૂલ તથા પ્રતિકૂલ ભાવનું ભાન કરાવી રાગદ્વેષને વશ કરાવે છે. તેથી કહ્યું છે કે, " ગુરૂજનની અવજ્ઞા કરવી તે ખરેખરૂં વિષ છે. "

આ પ્રમાણે વિવેચન કરી સૂરિશ્રીના પ્રશ્નોત્તર રૂપે નીચેની ગાથા સંપૂર્ણ કરી શિષ્યોએ ઘણાં આદરથી પોતાની નિર્મલ મનોવૃત્તિમાં ધારી લીધી.

किं पथ्यदनं धर्मः कः शुचिरिह यस्य मानसं शुध्धम् ।
कः पंडितो विवेकी किं विषमवधीरिता गुरवः ॥ ५ ॥

શિષ્ય—પરલોક માર્ગે ખાવાનું ભાતુ શું ?

ગુરૂ—ધર્મ.

શિષ્ય—આ લોકમાં પવિત્ર કોણ ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુરૂ—જેનું હૃદય શુદ્ધ હોય તે.

શિષ્ય—પંડિત કોણ ?

ગુરૂ—વિવેકી.

શિષ્ય—ઝેર કયું ?

ગુરૂ—ગુરૂ-વડિલ જનની અવજ્ઞા કરવી તે.

# વૃતાંત સંગ્રહ.

## ધર્મક્રિયાપ્રધાન ઉત્તરક્રિયા.

ભાવનગરના જૈનવર્ગના અગ્રેસર **વોરા જશરાજ સુરચંદ** નો ગયા માગશર માસમાં શ્રી સિદ્ધગિરિના પવિત્ર તીર્થમાં જે સ્વર્ગવાસ થયો હતો, તેની ઉત્તર ક્રિયા તેમના સુજ્ઞ પુત્ર **વોરા અમરચંદ જસરાજે** ધર્મક્રિયા પૂર્વક કરેલી છે, એ ખબર જાણી સર્વ આસ્તિક જૈનોને હર્ષ થયા વિના રહેશે નહીં. આજકાલ ઉત્તરક્રિયા કેવલ ભૂરિ ભોજનમાંજ કૃતાર્થ ગણાય છે અને ક્ષણિક કીર્ત્તિને માટે દ્રવ્યનો મોટો ભોગ ફરજીયાત રીતે ખર્ચી ઘણાં મધ્યમ કુટુંબો પાયમાલ થઇ જાય છે અને મરનારની પાછલ કાંઇપણ ધર્મક્રિયા થઈ શકતી નથી. કદિ કોઈ દ્રવ્યવાન્ ભૂરિ ભોજન કરવા સમર્થ હોયતો તે માત્ર તે ફરજીયાત કાર્ય કરી ધર્મક્રિયાને તદન વિસરી જાય છે. આ કનિષ્ટ પદ્ધતિને દૂર મુકી **વોરા અમરચંદ ભાઇએ** ઉભય પક્ષને માન આપી પોત્તાના સ્વર્ગવાસી પિતાની ઊત્તરક્રિયા પૂર્ણ શ્રદ્ધાથી દીપાવી છે. તેમની પાછલ અઠાઇ ઉત્સવ નો આરંભ કરી છેવટે ભૂરિ ભોજન આપી ઉભય માર્ગને પૂરેપૂરો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન્યાય આપ્યો છે. તે સાથે નવ પદજીની નવ સંખ્યાને સ્મરણમાં રાખવાની ઈચ્છાથી હોય તેમ તેઓએ જુદાજુદા નવ ખાતાઓમાં યોગ્ય રકમો આપી ઊપકારી પિતાનું પારલૌકિક સ્મરણ સદાને માટે અવિચલ રાખ્યું છે. અમે તેમને ધન્યવાદ આપીએ છીએ અને બીજા શ્રીમંતો તેઅનું અનુકરણ કરે, એવી આશા રાખીએ છીએ.

## જુદાજુદા નવ ખાતાઓના નામ.

(૧) રૂ. ૫૦૦) જૈન નિરાશ્રિત ફંડમાં

(૨) ૪૦૦) શ્રી સિદ્ધાચલમાં યાત્રાળુઓની ભક્તિ માટે.

(૩) ૧૦૦) મરણતિથિએ પ્રભુભક્તિ કરવામાં.

(૪) ૧૦૦) ભાવનગર પાંજરા પોલમાં.

(૫) ૫૧) શ્રી બનારસ જૈન પાઠશાળામાં.

(૬) ૨૧) સપ્ત ક્ષેત્રમાં.

(૭) ૨૦) ઉત્તર ક્રિયા વખતે હિંસા બંધ કરવામાં.

(૮) ૧૫) શ્રીવૃદ્ધિચંદ્રજી જૈનશાલામાં.

(૯) ૧૫) ઉજમબાઇ જૈનકન્યાશાળામાં.

## અન્યોક્તિનો ચમત્કાર.

એક વખતે કોઈ એક જૈન વિદ્વાન્ મુનિ ગુરૂની પાસે એકલા વિહાર કરવાની રજા લેવા આવ્યા. ગુરૂએ વિચાર્યું કે, હજુ આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુનિનો સંવેગ પરિપક્વ નથી તેથી તે એકલા વિહાર કરવાના અધિકારી નથી તેથી તેમ કરવા આજ્ઞા આપી નહીં એટલે તે વિદ્યા ગર્વિષ્ટ મુનિએ આગ્રહથી જણાવ્યું કે, ગુરૂ મહારાજ, મને વિહારની આજ્ઞા આપો. આપના પસાયથી મને વિદ્યા પ્રાપ્ત થઇ છે, તેથી અનેક સ્થળે ઉપદેશ આપી વિવિધ ચૈત્યોની યાત્રા કરી હું પાછો આપની પાંસે સત્વર હાજર થઇશ. તેનો આગ્રહ જોઇ કૃપાળુ ગુરૂએ આજ્ઞા આપી એટલે તે યુવાન મુનિએ ત્યાંથી હર્ષ પામી વિહાર કર્યો. કેટલેક દિવસે તે કોઈ નગરીમાં આવી ચડયા તે નગરીમાં મિથ્યાત્વીઓની ઘણી વસ્તી હતી. પ્રતિ દિવસે વિવિધ ભોગને પ્રાપ્ત કરનારા મિથ્યાત્વી મુનિઓ મોટા આડંબરથી ત્યાં રહેતા હતા. ત્યાં શ્રાવકો ની સંખ્યા ઘણીજ જુજ હતી અને તે પણ નિર્ધન સ્થિતિ માં હતી.

આ યુવાન મુનિ ત્યાં આવી ઘણાં દિવસ રહ્યા. એક દિવસ કોઇ મિથ્યાત્વીઓના પર્વનો દિવસ આવ્યો. આખી નગરીમાં મહોત્સવ થઈ રહ્યો. મહોન્નતિવાલા મિથ્યાત્વીઓના વરઘોડાના ઠાઠમાઠ જોઇ આ યુવાન જૈન મુનિ આશ્ચર્ય પામી ગયા. તેમના મનમાં મિથ્યાત્વીના મહોદયની અસર થવા લાગી. મિથ્યાત્વી સાધુઓના વૈભવ અને સન્માન જોઈ તે પોતાને હલકા સાધુ ગણવા લાગ્યા. સુંદર પોશાકમાં અને રાજકીય વૈભવ વિલાસમાં રહી મહાપૂજાની મોજમાં મગ્ન રહેલા મિથ્યાત્વી મહારાજોને જોતાંજ તે યુવાન મુનિ વિચાર કરવા લાગ્યા. અરે જગતમાં જૈનદીક્ષા મોટી ગણાય છે પણ તેમાં દીક્ષિત થયેલા સાધુઓને ઘણી વિટંબણા વેઠવી પડેછે, સ્નાનાદિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ના અભાવથી મલિન દેહ રાખવા પડે છે, ગમે તેવા આહાર લઇ રસનાને જોઇએ તેવી તૃપ્તિ અપાતી નથી, કેશનો કષ્ટકારી લોચ કરવો પડે છે, ત્રિકાલ પ્રતિક્રમણની ક્રિયા સાચવવી પડે છે અને ખડ્ગની ધારની જેમ પ્રત્યેક ક્ષણે યતના પૂર્વક વર્ત્તવું પડે છે. આવા પરીષહને સહન કરનારા જૈન મુનિઓ રંકની જેમ રખડતા ફરેછે. તેઓની વિદ્વત્તા સન્માન કે વૈભવની શોભા મેળવીશકતી નથી.

આવાં વિચારથી એ વિદ્વાન્ મુનિએ પોતાના ગુરૂ ઉપર એક પત્ર લખી જણાવ્યું કે, મિથ્યાત્વીઓના મહારાજોની આગલ આપણ જૈન મુનિઓ ઘણી અધમ સ્થિતિ ભોગવીએ છીએ. આ પત્ર વાંચતાંજ ગુરૂ વિચારમાં પડયા અને પોતાનો વિદ્વાન્ શિષ્ય ભ્રષ્ટ ન થાય તેમ ધારી તેની ઉપર નીચેનો એક અન્યોક્તિનો ગૂઢાર્થ ભરેલો શ્લોક લખી જણાવી પોતાના યુવાન શિષ્યને એકલા વિહાર કરવાનો નિષેધ કર્યો.

### शार्दूल विक्रीडित.

उच्चैरेष तरुः फलं च विपुलं दृष्ट्वैव दृष्टया शुकः
पक्वं शालिवनं विहाय जडधीस्तां नालिकेरं गतः ।
तत्रारुह्य बुभुक्षितेन मनसा यत्नः कृतो भेदने
आशा तस्य न केवलं विगलिता चंचूर्गता चूर्णताम् ॥१॥

**ભાવાર્થ**—કોઇ જડ બુદ્ધિવાળો શુક પક્ષી નારીએલના ઉંચા વૃક્ષને અને તેના મોટા ફલને જોઈ તત્કાલ પાકેલા શાલના વનને છોડી ત્યાં ગયો. તે ઉપર બેસી ક્ષુધાતુર મનવડે તેના ફલને ભેદવા ઘણો યત્ન કરવા લાગ્યો. પણ કાંઈ વલ્યું નહીં કેવલ તેની આશા ગલિત થઈ એટલુંજ નહીં પણ તેની ચાંચ પણ ચુર્ણ થઈ ગઇ. આ શ્લોકનો ગૂઢાર્થ સમજી તે વિદ્વાન્ મુનિને પ્રતિબોધ થયો. જૈન શાસન રૂપ શાલિવનને છોડી મિથ્યાત્વ રૂપ મોટા નારીએરના કઠિન ફલવાલા વૃક્ષ ઉપર જવા કરેલો કુવિચાર બંધ કર્યો.

For Private And Personal Use Only